પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૧૧૬ ૬ જુલાઈ, ૨૦૧૭, ગુરૂવાર ; અષાઢ સુદ - ૧૩ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## ન્યુઝ ટ્રેક

### અખિલેશ-માયાવતી સાથે રહેશે

ઉત્તરપ્રદેશના બંને પૂર્વ મુખ્યમંત્રીઓ અખિલેશ યાદવ અને માયાવતી સાથે રહેશે એવી શક્યતાના રા.જ.દા.ના સુપ્રિમો લાલુપ્રસાદ યાદવે મીડિયા સમક્ષ વ્યક્ત કરી છે.

### સુબ્રતો રોયને વધુ ૧૫ દિવસની રાહત

સુપ્રિમ કોર્ટે સહારાના સુબ્રતો રોયને બાકીના નાણા જમા કરાવવા વધુ ૧૫ દિવસની રાહત આપી છે. સહારાએ ૧૫૦૦ કરોડ જમા કરાવ્યા છે અને હવે ૯૦૦ કરોડ બાકી છે.

### લાપત્તા હેલીકોપ્ટરનો ભંગાર મળ્યો

અરૂણાચલ પ્રદેશમાંથી ગુમ થયેલ હેલીકોપ્ટરનો ભંગાર મળી આવ્યો હતો. જોકે હજુ વધુ વિગતોની રાહ જોવાય છે.

### મમતા બેનર્જી રાજ્યપાલથી નારાજ



પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રીએ રાજ્યપાલ કેસરીસિંહ ત્રિપાઠી સામે નારાજગી વ્યક્ત કરી છે. તેમણે જણાવ્યુ હતુ કે રાજ્યપાલ ભાજપના નેતાની ભાષા બોલે છે. એક તબક્કે તો રાજ્યપાલના વર્તનથી રાજીનામુ આપવાનો વિચાર પણ આવ્યો હતો.

### જમ્મુ કાશ્મીરમાં જીએસટી અમલી કરવા ઠરાવ

નવીદિલ્હી, તા.૫

જમ્મુ કાશ્મીર વિધાનસભામાં આજે ખાસ સત્ર બોલાવવામાં આવ્યું હતું જેમાં જીએસટી ઠરાવને પસાર કરવામાં આવ્યો હતો. ખાસ સત્રમાં ઐતિહાસિક કરવેરા સુધારા ઠરાવને પસાર કરવામાં આવ્યા બાદ હવે આને અમલી કરવાનો માર્ગ મોકળો થયો છે. ભાજપના સભ્યો અને વિરોધ પક્ષો વચ્ચે ઉગ્ર બોલાચાલી અને લાંબી ચર્ચા થઇ હતી. બે દિવસ સુધી ઉગ્ર ગરમાગરમી બાદ આજે રાજ્ય વિધાનસભામાં ઠરાવ પસાર કરી દેવામાં આવ્યો હતો. ગયા વર્ષે બંધારણમાં સુધારા કરવામાં આવ્યા હતા. આની સાથે દેશભરમાં જીએસટી વ્યવસ્થાને અમલી બનાવવાનો માર્ગ મોકળો થયો હતો. રાજ્યભાજપના વડા સત શર્માએ દાવો કર્યો હતો કે, જમ્મુ કાશ્મીરમાં રેવેન્યુ આંકડો જીએસટી અલીમ થયા બાદ વાર્ષિક ૧૦૦૦૦ કરોડથી ઉપર પહોંચી જશે. એનસી અને કોંગ્રેસના સભ્યોએ વર્તમાન સ્વરુપમાં આ ટેક્સ વ્યવસ્થાનો વિરોધ કર્યો હતો. સાથે સાથે વિરોધ કર્યો હતો. સાથે સાથે અલગ બિલની માંગ કરી હતી.

### ભારત-વિન્ડીઝ વચ્ચે આજે કિંગ્સ્ટનમાં નિર્ણાયક વનડે

કિંગ્સ્ટન,તા. ૫

ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે પાંચ વનડે મેચોની શ્રેણીની પાંચમી અને અંતિમ વનડે મેચ આવતીકાલે કિંગ્સ્ટન ખાતે રમાનાર છે. ભારતીય ટીમ વનડે શ્રેણી ૩-૧થી જીત લેવા માટે તૈયાર છે. જ્યારે છેલ્લી મેચમાં જીત મેળવી લીધા બાદ જેસન હોલ્ડરના નેતૃત્વમાં વેસ્ટ ઈન્ડિઝ અંતિમ મેચ જીતીને વનડે શ્રેણીને ડ્રો કરવા માટે તૈયાર છે. બન્ને ટીમોની પ્રતિષ્ઠા દાવ પર લાગેલી છે. પ્રથમ વનડે મેચ વરસાદના કારણે ત્રિનિદાદ ખાતે ધોવાઈ ગયા બાદ બીજી વનડે મેચ ભારતીય ટીમે જીતી લીધી હતી.

# ભારત-ઈઝરાયલની મિત્રતા ઈતિહાસ બનશે

**અમે એક ઇતિહાસ બનાવવા જઇ રહ્યા છે : નેતન્યાહૂ : મોદી અને નેતન્યાહૂ વચ્ચે સફળ મંત્રણા થઇ : સાત સમજૂતિ થઈ : શિખર વાટાઘાટો બાદ સંયુક્ત પત્રકાર પરિષદમાં બંને નેતાઓએ આતંકવાદ પડકાર હોવાની કબૂલાત કરી : બંને દેશોની મિત્રતા કરોડોની લાઇફ બદલશે**





યેરૂસાલેમ,તા. ૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ઈઝરાયેલના સમકક્ષ બેન્જામીન નેતન્યાહૂએ આજે ઐતિહાસિક શિખર બેઠક યોજી હતી. ત્યારબાદ એક સંયુક્ત પત્રકાર પરિષદ પણ કરી હતી. જેમાં બંને દેશોએ સંબંધોને નવી ઉંચાઈ ઉપર લઈ જવાની વાત કરી હતી. બંને દેશો વચ્ચે સાત સમજૂતિ ઉપર હસ્તાક્ષર પણ કરવામાં આવ્યા છે. આ સમજૂતિઓ અબજો ડોલરની છે. ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામીન નેતન્યાહૂએ કહ્યું હતું કે, અમે એક ઈતિહહાસ બનાવવા જઈ રહ્યા છે. બંને દેશો સાથે મળીને અનેક ક્ષેત્રોમાં જોરદાર કામ કરી શકે છે. ત્રાસવાદ બંને દેશો માટે એક પડકાર તરીકે છે. અમારી મિત્રતા કરોડો લોકોની લાઈફમાં બદલાવ લાવશે. અમે દુનિયાને બદલવાની તાકાત ધરાવીએ છીએ. ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યુ હતુ કે, ભારત અને ઈઝરાયેલ લોકશાહીમાં વિશ્વાસ ધરાવે છે. મોદીએ એમ પણ કહ્યું હતું કે, બંને દેશ દુનિયામાં શાંતિ અને સ્થિરતા માટે મિત્રતાની દિશામાં આગળ વધી ચુક્યા છે. ભારત અને ઈઝરાયેલ બંને જટિલ સ્થિતિમાં રહે છે. રસ્તા અલગ અલગ હોવા છતાં લોકશાહીમાં વિશ્વાસ રાખે છે.

● અનુસંધાન પાન-૭ પર

## મોદી વિશ્વની સૌથી સુરક્ષિત હોટલ કિંગ ડેવિડમાં રોકાયા

**મોદીના કાફલાને ધ્યાનમાં લઇ ૧૧૦ રૂમો ખાલી કરાવાયા છે : નરેન્દ્ર મોદી જે હોટલ રૂમમાં રોકાયા છે તે રૂમ પર કોઇપણ પ્રકારના ખતરનાક બોંબ અથવા તો કેમિકલ હુમલાની પણ અસર થઇ શકે તેમ નથી : અહેવાલ**



તેલ અવીવ,તા. ૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદી હાલમાં ઈઝરાયેલમાં છે. મોદી યારુસાલેમની કિંગ ડેવિડ હોટેલમાં હાલમાં રોકાયા છે. આ હોટેલને ચલાવનાર લોકોની માનવામાં આવે તો આ હોટેલ દુનિયાની સૌથી સુરક્ષિત હોટેલ છે. હોટેલ ચલાવનાર લોકોની વાત માનવામાં આવે તો મોદી અહીં દુનિયાની ચિંતા કર્યા વગર આરામથી ઉંઘી શકે છે. કારણ કે મોદી હોટેલના જે રૂમમાં રોકાયેલા છે. તે રૂમ પર બોમ્બ હુમલા અને કેમિકલ હુમલાની પણ કોઈ અસર થઈ શકે તેમ નથી. કિંગ ડેવિડ હોટેલના ડિરેક્ટર ઓફ

● અનુસંધાન પાન-૭ પર

## ચૂંટણી પંચમાં નિયુક્તિ માટે કોઈ પ્રક્રિયા કેમ નથી : સુપ્રિમ

ન્યુ દિલ્હી,તા.૫

રાષ્ટ્રીય ચૂંટણી પંચમાં નિયુક્તિને મામલે સુપ્રીમ કોર્ટે સખત શબ્દોમાં ટિપ્પણી કરી છે. ચૂંટણી પંચમાં નિયુક્તિ માટે કોઈ કાયદા નથી તો કોર્ટ દખલ કરશે તેમ સુપ્રીમ કોર્ટે કહ્યું છે. કોર્ટે પોતાની ટિપ્પણીમાં કહ્યું છે કે, અત્યાર સુધી તમામ નિયુક્તિઓ નિષ્પક્ષ અને સાચી રીતે થઈ છે પરંતુ અમને લાગે છે કે તે માટે કોઈ નક્કી કરાયેલી પ્રક્રિયા નથી.

ચૂંટણી પંચમાં નિયુક્તિને લઈને સુપ્રીમ કોર્ટમાં એક અરજી દાખલ કરવામાં આવી હતી. જેમાં ચૂંટણી પંચના અધિકારીઓ નિમણુંક માટે એક બંધારણીય પેનલની માંગ થઈ હતી. સુપ્રીમ કોર્ટના એટોર્ની જનરલને સિક્રેટ બેલેટ દ્વારા નિયુક્તિ થઈ શકે છે તેવો સવાલ કર્યો છે. તેમજ સ્થિતિ સ્પષ્ટ કરવા કહ્યુ છે. સામાન્ય રીતે વરિષ્ઠતાના આધારે ચૂંટણી પંચ કમિશનરોની નિમણૂંક થાય છે. જો કે તેને લઈને પણ સવાલ ઉઠતા રહ્યા છે. થોડા દિવસ અગાઉ જ અચલ કુમાર જ્યોતિને નવા મુખ્ય ચૂંટણી કમિશનર તરીકે નિમવામાં આવ્યા છે.

## મોદીએ એચ-૧બી વિઝાનો મુદ્દો ઉઠાવ્યો જ નથી : રાહુલ

નવીદિલ્હી, તા. ૫

કોંગ્રેસના ઉપપ્રમુખ રાહુલ ગાંધીએ આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને સૌથી નબળા વડાપ્રધાન તરીકે ગણાવ્યા હતા. ભારતીય વહીવટવાળા કાશ્મીર તરીકે કાશ્મીરનો ઉલ્લેખ કરવાના અમેરિકાના નિવેદનને સ્વીકારવા બદલ મોદીને નબળા વડાપ્રધાન ગણાવ્યા હતા. સાથે સાથે એચ-વનબી વિઝાના મુદ્દાને જોરદારરીતે ન ઉઠાવવા બદલ પણ મોદીની ઝાટકણી કાઢી હતી. ૨૬મી જૂનના દિવસે તેમના નિવેદનમાં હિઝબુલ મુઝાહીદીનના આતંકવાદી સૈયદ સલાઉદ્દીનને વૈશ્વિક આતંકવાદી તરીકે જાહેર કરતી વેળા અમેરિકાએ ઉત્તારીય રાજયનો ઈન્ડિયન એડમિનિસ્ટર્ડ જમ્મુ કાશ્મીર તરીકે ઉલ્લેખ કર્યો હતો. કેન્દ્ર સરકારે ગયા ગુરુવારના દિવસે આ પ્રકારના અમેરિકાના શબ્દોનો બચાવ કર્યો હતો અને કહ્યું હતું કે, સલાઉદ્દીન આતંકવાદી ગતિવિધિમાં સામેલ છે તે વાત અમેરિકાએ કબૂલી લીધી છે. રાહુલ ગાંધી હાલમાં જ વિદેશ યાત્રાથી પરત ફર્યા છે. રાહુલ ગાંધીએ સ્વદેશ પરત ફર્યા બાદથી

● અનુસંધાન પાન-૭ પર


શિવ આદિત્યજ્યોતિષ REG. NO.: 36041
અઘોર ૧૦૮ ગૂઢવિદ્યાના જાણકાર • દરેક સમસ્યાનું ઘરે બેઠા તાત્કાલિક સમાધાન
સ્મશાનિક ક્રિયા દ્વારા તુરંત સમાધાન • તંત્ર-મંત્ર અને નૂરી-હજૂરી ઈલમના મહાન જાણકાર
જ્યારે કોઈ પણ જગ્યાએથી ના થયું કામ તો અમારી પાસેથી લો સમાધાન
તમામ કામની સફળતા મળશે
બધા કરે વારંવાર, મારૂં કરેલ એકવાર
ધંધો • પ્રેમીવશ • સંતાનયોગ • છુટાછેડા • શુત્રનાશ
ફસાયેલા નાણાં • વિદેશયોગ • સૌતનમુક્તિ • પ્રેમભંગ
પ્રેમલગ્ન • મેલીવિદ્યા • ધારેલી વ્યક્તિનું મિલન
અઘોરી બાપુ | દરેક વાત ગુપ્ત રહેશે | દરેક જગ્યાએથી પૈસા બગાડેલા અવશ્ય મળો | અમદાવાદ 9409180965 9714681359





